



# દિવ્યદીપ

વર્ષ ૩ અંક ૯


## અ ભિ લા ષા

હે પુષ્પ! તારું સર્વસ્વ તું મને આપી દે એમ હું ક્યાં કહું છું તને? માત્ર એક જ પાંખડી તું મને આપ. મારા હૃદયને સુગંધથી ભરી દેવા એટલું બસ થશે.

હે દેવ! તારા સર્વ અમીકુંભ તું મારા પર ઢોળી દે એમ મેં ક્યારે કહ્યું તને? તારા કુંભમાંથી માત્ર એક જ અમૃતબિન્દુનો તું મારા પર છંટકાવ કર, મને અમરત્વ અર્પવા એ પૂરતું હશે.

હે દિવાકર! તું તારો સર્વપ્રકાશ મારા પર પાથરી દે એમ કહેવું તો મારા માટે અત્યધિક છે. હું તો એટલું જ કહું છું, તારું એક રશ્મિ મને આપ કે જેથી મારા હૃદયના તિમિરને હું ખાળી શકું.

હે પારસમણિ! તારી પાસે તો એક કણીનીયે અપેક્ષા નથી મને. તને તો મારી એક જ પ્રાર્થના છે. તું મને માત્ર સ્પર્શ કર. મારા લોહહૃદયને સુવર્ણમય બનાવવા એ પર્યાપ્ત હશે.

હે પ્રાણ! હે પ્રિયતમ પ્રભો! તારા પાસે તો મને સ્પર્શની પણ સ્પૃહા નથી. તારા કને તો માત્ર એટલું જ ચાહું છું, તું તારા સ્નેહભર્યાં નયનો મારા પર એક જ વેળા ઢાળી દે. એમાં હું સમગ્ર સ્વર્ગનું સર્વસ્વ પામીશ.

—ગિરિરાજ

# ❋ શેરબજારમાં ઐતિહાસિક પ્રવચન ❋



મુંબઈના શેરબજારના પ્રાગાંણુમાં પૂ. ગુરુદેવશ્રી ચિત્રભાનુ મહારાજનું પ્રવચન તાજેતરમાં શનિવારની સાંજે ગોઠવાયું હતું. પ્રવચનના પહેલા જ માનવમેદનીથી સભાખંડ ચિકાર ભરાઇ ગયો હતો. મકાનોની અટારીઓમાંથી પણ માણસો સાંભળી રહ્યા છે. આ ઐતિહાસિક મંગળ પ્રવચને વાતાવરણને નવોલ્લાસથી ભર્યું ભર્યું કર્યું હતું.

---

## સાંભળ સાધક........

તારી અંદર જે છે એને જ મેળવવાની મહેચ્છા રાખ. તારાથી જે પર છે એને જ સાધવાની તમન્ના રાખ. જે તને આત્મિય છતાં અપ્રાપ્ય લાગે છે તેને જ પ્રાપ્ત કરવાની ઝંખના સેવ.

તારા આંતર છતાંય મહાભારત શા યુદ્ધમાં તું કેવળ સાક્ષી ભાવે ઊભો રહી અળગો થઇ જા. એ યુદ્ધ તારે જ ખેલવાનું છે છતાં તું તારા અહમ્‌ને યોદ્ધો ન બનવા દેતો. પેલા લડનાર યોદ્ધાને તો તારા અગાધ અંતરમાંથી શોધી કાઢ ને એને જ તારે બદલે તુમુલ યુદ્ધ કરવા દે. તારે તો નિમિત્ત માત્ર બની ફક્ત એના આદેશને જ અનુસરવાનું છે.

તારાં ચક્ષુઓ દૈવી દર્શન પામી શકે એ પહેલાં એ સ્વાર્થ કાજ સારેલ અશ્રુવિહોણાં બનવાં જોઇએ.

તારા કાન દૈવી સંદેશ સાંભળી શકે એ પહેલાં એણે તમામ લાગણી, વૃત્તિ ને વાસનાથી પર થવું જોઇએ.

મહાજીવન સમક્ષ વાચા વદવી હોય તો વાણીમાંથી તમામ પ્રકારના આઘાત ને પ્રત્યાઘાત સદંતર દૂર થવા જોઇએ.

મહાજીવન સમક્ષ તારું જીવન ખડું થાય એ પહેલાં એણે નિજ હૃદયના શોણિતમાં સ્નાન કરવું જોઇએ ને એ રીતે હૃદયવ્યાપક અહમ્‌નો અંત આવવો જોઇએ..........

'લાઈટ ઓન ધ પાથ'માંથી

# અષ્ટોતરશત જ્ઞાનયજ્ઞ પ્રસંગે પૂ. ગુરુદેવશ્રી ચિત્રભાનુએ આપેલ મનનીય પ્રવચન

**બાબુલનાથ મંદિરમાં બુધવાર તા. ૨૩-૧૧-૬૬**

पूर्णता या परोपाधेः सा याचितकमंडनम् ।
या तु स्वाभाविकी सैव जात्यरत्नविभासिभा ॥

આ સુભાષિતમાં મહાપુરુષે એક સુંદર વાત બતાવી કે બહારના સાધનથી, બહારની ઉપાધિથી અને બહારના ભભક એવા ભપકાઓથી જે તમે પૂર્ણતા મેળવી છે અને લોકો તમને જે પૂર્ણ માની બેઠા છે અને તમે આ બાહ્ય પૂર્ણતામાં મગ્ન બનીને જે સાચી પૂર્ણતાને ભૂલી ગયા છો એ પૂર્ણતા કેવી છે કે याचितकमंडनम् માગી લાવેલા ઘરેણાં જેવી છે. કોઇ શુભ પ્રસંગમાં કે કોઈ લગ્નના ટાણે કોઈ ધનવાન પુરુષ પાસેથી તમે અલંકારો, આભૂષણો, વસ્ત્રો અને સામગ્રીને માગી લાવો અને એનાથી તમે સારા દેખાવવાનો પ્રયત્ન કરો, પણ એ પરોપાધિ છે. એ દાગીનાં તમારાં નથી, અંલકાર તમારાં નથી, વસ્ત્રો તમારાં નથી, એ બધી ભાડૂતી વસ્તુઓ છે. અને જે લોકો એ અલંકાર અને આભૂષણ આપીને બેઠા હોય એ લોકો મનમાં હસતા હોય છે કે 'જૂઓ, અમારા અલંકારોથી આ માણસ પૂર્ણ બનવાનો પ્રયત્ન કરે છે.' અને જે માણુસ માંગીને લાવ્યો હોય એ માણસ હૃદયથી, મનથી અને વ્યક્તિત્વથી દીન બની જાય છે. વળી જે માણસના અલંકાર અને વસ્ત્રો માંગીને લાવ્યો હોય એને સાચવવા માટે એ માણસ વીલોવીલો થઇ જાય છે. કારણ કે જેનાં અલંકાર છે એનો એના ઉપર આભાર છે. એ અલંકારથી કદાચ બાહ્ય શોભા વધતી હશે પણ અંદર દીનતા વધી જાય છે. બહારથી લોકો કદાચ વાહવાહના શબ્દો કહી દેતા હશે પણ માણસ અંદરથી પામર બની જાય છે. અને અંદરનું જે તેજ છે, જે સ્વત્વ છે. એ ધીમેધીમે નષ્ટ થઇ જાય છે.

એટલે પરોપાધિનું દુઃખ એ છે કે એનાથી માણસ દેખાય સારો પણ અંદરથી નબળો બની જાય છે. એટલે એની સરખામણી સોજાની સાથે કરી છે. બિમાર આદમીને સોજા આવ્યા હોય ત્યારે એ ઘણો સરસ અને જાડો લાગે, મોઢું ફૂલેલું લાગે, એની આંખનાં પોપચાં ભરાયેલાં લાગે અને આપણને લાગે કે આ વ્યક્તિ કેટલી સુંદર અને મસ્ત બની ગઇ છે! પણ એ તો સોજો છે. એ કમતાકાતની નિશાની છે, અંદરની નિર્બળતાની નિશાની છે.

સોજાવાળો માણસ સરસ દેખાય પણ સ્વસ્થ નહિ. અને સરસમાં અને સ્વસ્થમાં આટલો ફેર છે. પરોપાધિ છે એ સરસ છે, પણ સ્વસ્થ નથી. મહાપુરુષો કહે છે. 'તું સ્વસ્થ બની જા. તું સ્વસ્થ હોઇશ તો સરસતા આવી જ જશે.' સ્વાસ્થ્ય વગરનો કોઈ બિમાર માણસ સુંદર વસ્ત્ર પરિધાન કરે, સારાં અલંકાર ધારણ કરે, સુવાસિત પદાર્થોનો ઉપયોગ કરે, પણ એ જ્યાં સુધી અંદરથી બિમાર છે ત્યાં સુધી એના મુખ પર સ્ફૂર્તિ, મનમાં ઉત્સાહ અને અંગે અંગમાં શક્તિ પ્રગટવી જોઇએ તે નહિ પ્રગટે.

તમે જાણો જ છો કે ટ્રેઇનનાં એંજિનમાં વરાળ હોય છે, જે હજારો ટન બોજાને તાણી જાય છે. અને એ વરાળ જો એમની એમ નીકળી જાય છે તો ગાડી વચ્ચે અટકી જાય છે. ફરી પાણી ભરવું પડે છે, Steam તૈયાર કરવી પડે છે અને જ્યારે Steam થી Engine તૈયાર થઈ જાય છે પછી એ હજારો ટનના બોજાને તાણી શકે છે.

સ્વસ્થ માણસનું મન એ Steam જેવું છે, વરાળ જેવું છે. એ સંસારના ગમે

એવા બોજાને, ગમે એવા ભારને, ગમે એવા દુઃખને, ગમે એવી વિપત્તિને, ગમે એવા કષ્ટોને અને ગમે એવા આક્રમણોને પણ એ હસતાં હસતાં સહન કરી શકે છે. કારણ કે એના મનની શકિત પામરતાને કારણે પડી નથી ગઇ, પણ મનની શકિતઓને એણે પોતાની સ્વસ્થતાને કારણે સબળ રાખી છે.

સંસારમાં તમને એક પણ સંત નહિ જડે કે જેના પર દુઃખનો ભાર, વિપત્તિનાં વાદળ અને આક્રમણોનો આતશ ન આવ્યો હોય. આવ્યો જ છે. અને આવ્યો છે જ. સહન કર્યું એટલે જ એ સંત બન્યા. એણે જો સહન કર્યું ન હોત તો એ સંત બની શકત જ નહિ. અને એ બતાવી આપે છે કે જેમ જેમ તમારામાં સહન કરવાની શકિત આવે છે તેમ તેમ તમારામાં સંતપણું આવતું જાય છે.

ઘણા ભકતો, ખાસ કરીને ધર્મ કરનારા માણસો ફરિયાદ કરતા હોય છે. 'અમે રોજ મંદિરમાં જઇએ, રોજ કથા સાંભળીએ છતાં ભગવાન અમારે ત્યાં દુઃખ શું કરવા મોકલે છે?' હું કહું છું કે તમે સારા બન્યા છો, ભકત થયા છો એમ કહો છો તો તમે પોલા તો નથી ને એ તપાસવા દુઃખ આવે છે. બોગસ (Bogus) માણસો અંદર ઘૂસી ન જાય તે માટે દુઃખની કસોટી પર તમારી પરીક્ષા થાય છે.

અને એ રીતે કોઈકવાર પિત્તળ પણ સોનું ગણાવીને અંદર ઘૂસી જાય તો સોનીનું કામ છે કે એ એને તેજાબમાં નાંખે. કસોટી પર પણ ચઢાવે. એમાં પણ એને જો Doubt લાગે તો કદાચ એને અંદરથી તોડીને પણ ક્યાંય ખોટું નથી ને એની ચકાસણી અને તપાસણી કરે. કારણ કે એ સોનું કહેવડાવે છે. જો એ એમ કહી દે કે હું પિત્તળ છું, તો કોઈ એવો મૂર્ખ સોની નહિ મળે, જે એને કસોટી ઉપર ચઢાવે, અને એના ઉપર તેજાબ ખર્ચે, એ જ કહેશે કે 'ભાઇ, એ તો પિત્તળનો કટકો છે, એના ઉપર કોણ મહેનત કરે?' પણ જે એમ કહે કે હું સુવર્ણ છું. તો કોઇ પણ ચોકસી આવીને કહેશે 'જરા, મને તપાસવા દો!'

જીવનની આ એક દૃષ્ટિ છે. સંત બનવું છે, સજ્જન બનવું છે અને સંત અને સજ્જન બનવા છતાં કષ્ટ સહન કરવાનો વારો આવે ત્યારે ભગવાનની આગળ ફરિયાદ કરવી છે કે 'હે ભગવાન, તું દુઃખ કેમ મોકલે છે?' હું તો એમ કહું છું કે તમે એમ કહો કે 'હવે અમે તારું શરણું લીધું છે, હવે અમે તારી મદદ લીધી છે, હવે તું અમારે પડખે છે. અને એટલા માટે કષ્ટ આવે તો મને વાંધો નથી. સહન કરવાની શકિત મળે, બીજું કાંઇ નહિ જોઇએ."

એટલે કવિવર ટાગોરે પ્રાર્થનામાં એમ કહ્યું કે "હું એમ નથી કહેતો કે દુઃખ ન આવે, પ્રભુ, હું એમ નથી કહેતો કે મુશીબત ન આવે," હું એમ પણ નથી કહેતો કે મને દુઃખમાંથી મુકત કરી દો. હું તો એટલું જ કહું છું કે દુઃખ આવે, મુશીબત આવે, કષ્ટ આવે તો તે સમયમાં હું ભાંગી ન જાઉં અને નબળો બનીને દીન ન બની જાઉં એ બળ આપ. એ દુઃખોને સહન કરવાની જે શકિત છે એ મને મળે." દુઃખને સહન કરવાની શકિત, સરકી જવાની યુકિત નહિ.

આ પ્રાર્થના એ જ બતાવી આપે છે કે જે ભકત છે એ દુઃખોને સહન કરવા માટે તત્પર બને છે અને એ દુઃખોને સહન કરવા માટે એને એક જાતની શકિત પ્રાપ્ત થઈ જાય છે. કંઇ શકિત? સ્વસ્થતાની શકિત.

તમે જો જો કે જ્યારે તમારી તબિયત સારી હોય, તમારા શરીરમાં કોઇ જાતનો વ્યાધિ ન હોય ત્યારે સહજ સ્ફૂર્તિ અને સહજ

સ્વસ્થતાનો તમને અનુભવ થવાનો. તમે પગથિયાં ચઢશો તો જાણે કૂદતા કૂદતા ચઢતા હો, તમે ચાલતા હો તો જાણે તમારા પગમાં વીજળીઓ રમતી હોય અને તમે બોલતા હો તો તમારા શબ્દોમાં પણ એક જાતનું સામર્થ્ય પ્રગટતું હોય. એ બતાવી આપે છે કે અંદર તંદુરસ્તી છે, પણ જ્યારે તંદુરસ્તી ચાલી જાય છે ત્યારે બોલવામાં પણ શિથિલતા હોય, ચઢતી વખતે પણ કેડે હાથ દેવો પડે, કોઇ મળવા આવે તો પણ બગાસાં આવે. આ બધું બતાવે છે કે રોગ છે, માંદગી છે.

પારકી ઉપાધિમાંથી તમે જે પૂર્ણતા લાવ્યા છો એ એક જાતની માંદગી છે. પછી એ પૂર્ણતા સત્તાની હોય કે ધનની હોય, એ પૂર્ણતા કોઇએ આપેલા degree ની હોય કે એ પૂર્ણતા કોઇક માણસે આપેલા મોભાની હોય–એ બધી ભાડૂતી છે, પરોપાધિ છે.

ત્યારે અંદર શું છે? અંદર તો તું ગવર્નરનો ગવર્નર છો, રાજાધિરાજ છો, સર્વ સત્તાધીશ છો પણ તું તારી સત્તાનો અનુભવ ચૂકી ગયો. હવે ફરી એ અંદર પડેલી સત્તાનો અનુભવ કરવો, એનું દર્શન કરવું, એનું સ્વસંવેદન કરવું એ જ આ કથા. મહાપુરુષોને સાંભળવાનો એજ પરમ હેતુ છે. એ હેતુ જો તમારી પાસે ન હોય તો કથા સાંભળી અને ઊતરી ગયા. શું લઈ આવ્યા? તો કહે. "કાંઈ નહિ, કથા સાંભળીને આવ્યા. તમે કથા સાંભળી હોય તો એ કથા તમારા જીવનની વ્યથા દૂર કરી દે. જે વ્યથા દૂર ન કરે તેને કથા કેમ કહે?

આ શ્લોકમાં ઉપાધ્યાયજીએ કહ્યું કે પારકી ઉપાધિથી તું પૂર્ણ બનીને ડોલી રહ્યો છે, પણ ભાઇ, તારી પૂર્ણતા એ પાંચ વર્ષની, દશ વર્ષની પંદર વર્ષની, વીસ વર્ષની માંગી લાવેલી પૂર્ણતા છે ચૂંટણીમાં ચૂંટાઇને આવેલો હોય એ પાંચ વર્ષ માટે પ્રધાન બને. જ્યારે Term પૂરી થાય ત્યારે તમે એની દીનતા જુઓ. ટિકિટ લેવા માટે એ પગચંપીઓ કરતા હોય છે. અને ટિકિટ મેળવ્યા પછી Vote લેવા માટે લોકોની Influence લગાડતા હોય, રાત અને દિવસ એક કરીને એ દુઃખી થતા હોય, આ દીનતા જોઇએ ત્યારે આપણને થાય કે આ આત્મા કેટલો બધો નીચો ઊતરી ગયો છે! એને સત્તાએ પાંચ વર્ષ માટે મોટો બનાવ્યો હતો પણ એ સત્તા ઉપરથી ઊતરી ગયો, તો રસ્તાનો ભિખારી જે દીનતાથી પૈસો નથી માંગતો એ દીનતા કરતાં પણ વધારે દીનતાથી એક Vote માટે, એક ટિકિટ માટે એ માણસ દીનતા કરતો ફરતો હોય છે.

તો જે વસ્તુથી આપણા આત્માની શકિત ચાલી જાય, જે વસ્તુ મેળવવાથી આપણે સમૃદ્ધ બનવાને બદલે આવા દીન બની જઇએ એ વસ્તુ પરોપાધિ છે, ભાડૂતી માંગી લાવેલી ચિન્તા છે.

આ વાત માણસને બરાબર અનુભવ અને અભ્યાસથી સમજાય તો આજે સત્તા માટેનું જે આકર્ષણ છે, પૈસા માટેનું જે પ્રલોભન છે, અને માન અને સ્થાન માટેની જે સતત તૃષ્ણા છે તે જરૂર નીકળી જાય.

હું તો ઇચ્છું કે માણસનું જીવન દર્પણ જેવું હોય. દર્પણની વિશિષ્ટતા શું છે તે તમે જાણો છો ને? એ સ્વાગત સૌનું કરે, સ્વીકાર કોઇનોય નહિ. એની સામે ઊભેલ વસ્તુનું એ અનાસકિત પૂર્વક પ્રતિબિમ્બ ઝીલે છે, એટલે એ વસ્તુ ખસી જતા કાચ એવો જ સ્વસ્થ અને સ્વચ્છ રહી શકે છે.

સ્વાગત સહુનું કરો પણ સ્વીકાર કોઇનો નહિ. સત્તા આવે તો આવવા દો. માન આવે તો પણ આવવા દો, અપમાન આવી જાય તો તેને પણ આવવા દો, દુઃખ આવી જાય તો પણ

તે ભલે આવે, આવે છે તો સ્વાગત છે: ચાલી જાય છે તો સ્વચ્છતા છે. પ્રભાતમાં મોઢું જોવાનો કાચ આપણને જીવનનું આ એક દૃષ્ટિબિંદુ આપે છે. એ યાદ આપે છે કે તમે આદર્શના જેવા બની જાઓ. જે માણસ સ્વાગત નથી કરતો અને માત્ર જે બંધાઈ જાય છે એ દુઃખી દુઃખી બની જાય છે.

સંતોએ, ભારતના સંતોએ અને દુનિયાભરના સંતોએ આ જીવન આદર્શ આપણને આપ્યો છે. એ લોકોને સુખ મળ્યું તો એનું સ્વાગત કરતા રહ્યા. એમને ત્યાં જો દુઃખ આવ્યું તો એનું પણ સ્વાગત કરતા રહ્યા. સુખ ગયું તો પણ અફસોસ નહિ, દુઃખ આવી ગયું તો પણ અફસોસ નહિ.

ભગવાન મહાવીરનો પ્રસંગ મને યાદ આવે છે. ભગવાન મહાવીરની ઉપર જ્યારે સાડા બાર વર્ષ સુધી આપત્તિની ઝડીઓ વરસવાની છે તે પહેલાં ઇંદ્રે આવીને કહ્યું: 'પ્રભો, તમારા માર્ગમાં હવે સાડાબાર વર્ષ સુધી દુઃખ આવશે. એ દુઃખના કાળાં વાદળો ઘેરાય ત્યારે હું આપની પડખે ઊભો રહું અને આપની સેવા કરું એવી મને આજ્ઞા આપો." ત્યારે ભગવાને શું કહ્યું? "ઇંદ્ર, સંસારમાં કોઇપણ માણસ બીજાની મદદથી મુક્તિ મેળવી શકતો નથી. અને બીજાની મદદથી મેળવેલી મુક્તિ એ મુક્તિ નથી હોતી. તે બીજી ગમે તે વસ્તુ હોઈ શકે. મુક્તિ મળશે તો આપબળથીજ મળશે. જો પોતાની સાધનાથી નહિ મળે તો દુનિયાની કોઈપણ વ્યક્તિની મદદથી નથી મળવાની. એટલાં જ માટે મારા ઉપર જે દુઃખો આવી રહયાં છે એનું સ્વાગત કરવા માટે મને જ રહેવા દે. વચ્ચે તું આવીશ નહિ.!'

આ કાચ તમને બતાવી આપે છે કે તમે સંસારની વસ્તુઓ પ્રત્યે મારી જેમ વર્તો તો પછી તમારા હૃદયના કાચ ઉપર કોઇ જાતનો ડાઘ નહિ પડે. દુઃખનો કે સુખનો પડછાયો ચાલ્યો જાય છે પણ હૃદયનો અરીસો જે છે એ તો એ જ રહે છે.

કુંભારને પૂછી જોજો, અગ્નિમાં તપાવ્યા વિના એ કોઈ પણ ઘડાને બજારમાં મૂકે છે? એ જાણે છે કે કાચો ઘડો મારી ઈજ્જત લેશે. પોતે જ સર્જેલા પોતાના પ્રિય ઘડાને એ બરાબર અગ્નિમાં તપાવે છે. અને જે ઘડો પાકો થયેલો હોય એને માટે છાતી કાઢીને કહે છે કે "આ ઘડો લઇ શકો છો અને ટકોરા મારી શકો છો, તપાસી શકો છો." અગ્નિમાં એણે કસોટી કરી છે.

એમ જે ભકત છે એ દુઃખના તાપમાં તપીતપીને પોતાની જાતને મજબૂત કરે છે અને એ સંસારને challenge કરે છે કે કોઈ પણ ટકોરે આ તૂટે તેમ નથી. કુંભાર ઘડાને પરિપકવ કરવા જેમ અગ્નિનો ઉપયોગ કરે છે તેમ સાધકે આત્માને નિર્મળ કરવા અને કર્મના મેલને દૂર કરવા દુઃખનો પણ ઉપયોગ કરવાનો છે.

મરણ શું છે? કપડાં બદલી નાંખવા તે. અને એમાં પણ જૂના કપડાં બદલવા એ તો વધુ આનંદનો વિષય છે. વપરાઈ ગયેલાં, ફાટી ગયેલાં જીર્ણ થયેલાં શરીર પડી જાય તો અફસોસ શો? લગ્નની જેમ મરણને પણ ઉત્સવ માનવો જોઇએ. આ તો વિદાયનો ઉત્સવ છે. કહે કે અમે જઇએ છીએ. "કયાં જાઓ છો?" તો કહો: "પ્રભુના ધામમાં જઇએ છીએ" મૃત્યુ એ તો જીવનની જ એક અવસ્થા છે. અને એટલા જ માટે નાચિકેતા મૃત્યુને ત્યાં જઈ શકયો હતો અને એને પૂર્ણ કરી શકયો હતો. જો મૃત્યુ એ મૃત્યુ જ હોત તો એની નિકટ એ કેમ જાત?

પણ તમારી નિર્બળતાએ, તમારી આસક્તિઓએ અને તમારી ભોગની તૃષ્ણાએ મૃત્યુને ભયંકર બનાવી દીધું છે. દી અતિ તૃષ્ણા જીવન પ્રત્યે જાગી છે એ તૃષ્ણાએ મૃત્યુ એ જીવનની એક અવસ્થા છે એ વાતને ભુલાવી દીધી છે.

એટલાં જ માટે એ સમજવાનું છે કે જેવી રીતે યુવાની એક અવસ્થા છે, ઘડપણ એક અવસ્થા છે, તેવી રીતે મૃત્યુ પણ એક અવસ્થા જ છે. વસ્તુ ટકી રહે અને Form) આકાર બદલાઇ જાય, એનું નામ અવસ્થા કહેવાય. મૃત્યુની પહેલાં પણ જીવન હતું અને મૃત્યુની પછી પણ જીવન રહેવાનું છે, અને પૂર્ણ સત્ય એ છે કે મૃત્યુ જીવનને મારી શકતું નથી. જીવન એ અક્ષય છે, અખંડ છે. શાશ્વત છે, યૌવન અને વાર્ધક્યની જેમ મૃત્યુ માત્ર એક પરિસ્થિતિ છે. આ શૈશવ, આ યૌવન, આ ઘડપણ અને આ મૃત્યુ આ આકારો બદલાય પણ જીવન જે નિરાકાર છે તે શાશ્વત રહે.

આ ભાવના જ્યાં ગુંજવી જોઇએ, એ ભારતમાં આજ મરણની ભીરુતા આવી છે એનું કારણ એક જ છે કે ધર્મના નામે દીવાલો ઊભી કરી છે. દીવાલોને લીધે આપણે વહેંચાઈ ગયા છીએ. અને જ્યાં દીવાલો છે ત્યાં પછીનું દર્શન જતું રહે છે.

ચક્ષુનો અંધાપો આવી જાય તો વાંધો નથી પણ વિચારોનો અંધાપો ન આવવો જોઇએ. ચક્ષુના અંધાપામાં સ્થૂળ વસ્તુઓ નથી દેખાતી પણ ધારે તો સૂક્ષ્મનો અનુભવ કરી શકે. પણ વિચારોના અંધાપામાં તો સૂક્ષ્મ વસ્તુઓ જ નથી દેખાતી. અને ચક્ષુ કદાચ ન હોય તો પ્રજ્ઞા વડે કરીને પણ આંતરચક્ષુથી વસ્તુઓ જોઇ શકાય છે, પણ જો આંતરચક્ષુ ચાલી ગયાં, દીવાલોમાં મન અટવાઇ ગયું, તો પરમ સત્યનું દર્શન તમે નથી કરી શકતા. એટલે વિચારોનો અંધાપો એ બહુ ખરાબ છે. આ વિચારોનો અંધાપો હવે નીકળવો જોઇએ.

આ દીવાલો તૂટી જાય તો માણસ એક જ બીજાની નજીક આવે અને જેમ જેમ નજીક આવતો જાય તેમ તેમ માણસમાં વસેલ ચૈતન્યનું દર્શન થતું જાય. આપણી આંખની આડે જેટલાં અંતરાયો છે. જેટલાં આવરણો છે, એ ચોક્કસ યાદ રાખજો કે વસ્તુને ઓળખવામાં મુશ્કેલી કરે છે. આત્મ સત્તાને ઓળખવામાં જો અંતરાય કરનાર હોય તો સંપ્રદાય વગેરેના આવરણો છે, બીજું કાંઇ નથી.

(વધુ આવતા અંકે)

# સંયમનું તાળું

તાળાં, દવાખાનાં, જેલખાનાં અને વકીલોનાં પાટિયાં એ બધી આપણી સામાજિક પાપની નિશાનીઓ છે.

તિજોરીને તાળું મારવાને બદલે માનવીએ જો વાસનાને તાળું મારવાનો મહાવરો રાખ્યો હોત તો એની આજના જેવી દુર્દશા થઇ ન હોત.

વાસનાને તાળું માર્યા પછી બીજી કોઈ પણ જગાએ તાળું મારવાની જરૂરિયાત ઊભી થઇ ન હોત.

પરંતુ માનવીએ તો વાસનાને બેલગામ છૂટ આપી અને તિજોરીને તાળાં માર્યાં; તેથી જ અનેક પ્રકારની વિકૃતિઓ પેદા થઈ છે.

તિજોરીને તાળું ના હોય તો કદાચ રોકડ મૂડી અગર જર-ઝવેરાત ચોરાઇ જાય, પરંતુ વાસનાને સંયમનું તાળું ન હોવાને લીધે તો માનવીની સઘળી જીવન મૂડી જ લૂંટાઇ જાય છે.

બધી ઇન્દ્રિયોની વાતને બાજુ પર મૂકી એકમાત્ર જીભની વાત જો કરીએ તો સમજાશે કે કેવળ જીભની વાસના પર તાળું ન હોવાને લીધે પણ અનેક પ્રકારની હોનારતો સર્જાઇ છે.

જીભની વાસના પર તાળું ન હોવાને લીધે જીભમાં સ્વાદલાલસા જાગી, અને વિવેક વિનાનું ગમે તેમ બોલવાની આદત ઊભી થઇ.

આ સ્વાદલાલસાને લીધે તનની વિકૃતિ જન્મી અને ગમે તેમ બોલવાની આદતમાંથી મનની વિકૃતિ પેદા થઇ.

તનની વિકૃતિએ દવાખાનાં પેદાં કર્યાં, મનની વિકૃતિએ જેલખાનાં તેમજ વકીલોનાં પાટિયાં જન્માવ્યાં

આમ જીભ જેવી એક જ ઇન્દ્રિયની વાસના આટલી બધી વિકૃતિ જન્માવી શકે તો પછી બધીય ઇન્દ્રિયોની વાસના એકઠી થઇને શું ન કરે ?

આથી જ, માનવી માત્રની વાસનાને જો સંયમનું તાળું મારવામાં આવે તો કોઇનીયે તિજોરીને તાળું મારવાની જરૂર ઊભી ન થાય.

—સીતારામ શાસ્ત્રીજી

## પ્રારબ્ધ અને પુરુષાર્થ

પ્રારબ્ધ એટલે કર્મ–ભાગ્ય અને પુરુષાર્થ એટલે ઉદ્યમ–પ્રયત્ન. કેટલાક મનુષ્યો ઉદ્યમને પ્રધાન ગણે છે, તો કેટલાક કર્મને.

જ્યારે કોઇ પણ કાર્ય અતિ ઉદ્યમ કરવા છતાં સિદ્ધ ન થાય ત્યારે ઘણા કહેતા હોય છે કે કર્મની ગતિ ન્યારી છે. કર્મ કાઠાં છે અને જ્યારે કોઇ કઠિન કાર્ય નજીવા ઉદ્યમથી સિદ્ધ થાય છે ત્યારે કહેવાય છે કે ભાગ્ય બળવાન છે.

नहि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः । એ ન્યાયે કેટલાક લોકો ઉદ્યમશીલ રહે છે. અને એ રીતે કોઇ ઘોડાવેગે તો કોઇ કીડીવેગે સફળતા મેળવે છે. આ રીતે કેટલાક કર્મને તો કેટલાક ઉદ્યમને મહત્ત્વ આપે છે.

પ્રાચીનકાળમાં રાજસભાઓમાં વિદ્વાનો રાજા સમક્ષ અનેક વિષયો ઉપર ચર્ચા કરતા.

આપણે અહિ ઉજ્જયનિમાં રાજમાન્ય પંડિત શિવશર્મા અને કર્નાટકની ગણિકા કામકળા વચ્ચે પ્રારબ્ધ અને પુરુષાર્થ બાબત થયેલો સંવાદ જોઇએ.

**સ્થળ** : ઉજ્જયિનીની રાજસભા. અધ્યક્ષ વિક્રમવંશી રાજા ભદ્રસેન.

**કામકળા** : પંડિતજી, પુરુષાર્થ મોટો કે પ્રારબ્ધ મોટું ?

**પંડિતજી** : ચતુરા ! પુરુષાર્થ કરતાં પ્રારબ્ધ જ મોટું ગણાય છે. કર્મની ગતિ ન્યારી છે. કર્મ જે કરે તે બીજાથી ન થાય. કર્મ ગરીબને ધનવાન અને ધનવાનને ગરીબ બનાવે છે. શાસ્ત્રવાણી પણ એવી જ છે કે પુરુષાર્થ કરતાં પ્રારબ્ધ વિશેષ છે.

**કામકળા** : પંડિતજી ! વધુ વિચાર કરશો તો સમજાશે કે પુરુષાર્થ મોટો છે. પ્રારબ્ધના ભરોસે કોણ બેસી રહે છે ? રાજા કે રંક સૌ ઉદ્યમ કરતા દેખાય છે. 'કર્મ કરે તે થાય' એમ કોણ કહે છે ? કર્મ પણ ઉદ્યમને જ આભારી છે. ઉદ્યમ આગળ કર્મ બિચારું રાંકડું છે. સર્વત્ર બોલબાલા ઉદ્યમની છે. પંડિતજી ! એક વાર્તા કહું છું. બરાબર સાંભળજો. પછી કહેજો કર્મ મોટું કે પુરુષાર્થ.

મથુરામાં સૂરસેન રાજા રાજ્ય કરતો હતો. ત્યાં બે બ્રાહ્મણ ભાઇઓ રહેતા હતા. એકનું નામ નારાયણ હતું. બીજાનું નામ નરહરિ બન્ને સત્યવાદી, બુદ્ધિશાળી અને વિવેકી હતા. બન્નેને પતિવ્રતા સ્ત્રીઓ હતી.

નારાયણ કર્મને મોટું ગણતો જ્યારે નરહરિ ઉદ્યમને. બન્ને ભાઈ આ વિષય ઉપર વિસ્તૃત ચર્ચા કરતા હતા. પણ તેઓ કોઈ નિર્ણય ન કરી શકયા. બન્ને ભાઇઓ આનો ન્યાય કરાવવા રાજા પાસે ગયા. રાજાએ આ કાર્ય વનમાળી મંત્રીને સોપ્યું. મંત્રીએ ચાર માળના એક અવાવર મકાનમાં એક બાજુએ સુખડી અને બીજી બાજુ પાણીનું માટલું બિલકુલ ખ્યાલમાં ન આવે એ રીતે મૂકયું. નારાયણ અને નરહરિની આંખે પાટા બાંધ્યા અને બન્નેને એ મકાનમાં પૂરી દીધા. એ દિવસ લગભગ પસાર થવા આવ્યો. બન્ને ભૂખ તરસથી પીડાય છે. કર્મવાદી નારાયણ પાઘડીનું ઓશીકું કરી નિરાંતે પોઢી ગયો. નરહરિ ઉદ્યમમાં માનનારો હતો. તે આમ તેમ ફાંફાં મારવા લાગ્યો. ચોમેર તપાસ કરવા માંડી, આશા–નિરાશાના હિંચોળે હિંચતાં હિંચતાં મહા મહેનતે નરહરિના હાથમાં પેલી સુખડીની પોટલી અને પાણીની માટલી આવી. એ લઇને નરહરિ નારાયણ પાસે આવ્યો. એને ભાઇ નાયરાણ પર હેત છે, પ્રીત છે. નારાયણને એ સુખડી અને પાણી આપે છે. બન્ને ભાઇઓએ ભૂખ તરસ સંતોષી. બીજે દિવસે બન્ને ભાઇઓને બહાર કાઢી, આંખના પાટા છોડી હકીકત પૂછવામાં આવી. નરહરિએ કહ્યું, 'રાજન્ ! ઉદ્યમ કરવો મારા હાથની વાત હતી. ઉદ્યમીને સંકટ રહી રહીને કયાં સુધી રહે ? મહેનત કરી તો પાણી અને પકવાન બન્ને મળ્યાં. મલકાતા મોઢે નરહરિ બોલી રહ્યો. ભાગ્યના ભરોસે બેસી રહેનાર નારાયણે પોતાની દીનતા દર્શાવી. પારકી મહેનત ઉપર એ શું મોં

ઉંચું રાખી શકે ? છેવટે નારાયણને નમવું પડયું.

બોલો પંડિતજી, કર્મ મોટું કે ઉદ્યમ ? પંડિતજી પોતાની માન્યતામાં મક્કમ છે. કર્મની પ્રધાનતાનું દૃષ્ટાંત આપતાં તેઓ બોલ્યા–સુંદરી ! સાવધાન થઇને સાંભળ. હું તને કર્મની અકળ કળા સમજાવું.

ગણિકા : પંડિતજી ! કર્મનો મર્મ વિસ્તારથી સમજાવજો. સભાજનો રસ અનુભવે અને હું પણ એનું રહસ્ય પામું.

દક્ષિણ ભારતમાં જોડિયાળું ગામ જ્યાં વિષવાદીઓનો–ગારુડિકોનો જ વસવાટ હતો. એમાં એક ગારુડિક મંત્રતંત્રનો ખાં અને જંગલની જડીબુટ્ટીઓનો એક નંબરનો પારખું. મોરલી તો અવલ વગાડે. એકવાર ઘોર વનમાં પર્વતની ટેકરી પર ચડી એણે મોરલીનો મધુર નાદ રણઝણાવ્યો. આ મોહકધ્વનિથી આકર્ષાઇને હજારો સર્પો ત્યાં દોડી આવ્યા. તેમાંથી એક મણિધર સર્પને ગારુડિકે પકડયો અને ઘેર લાવીને કરંડિયામાં પૂર્યો. કરંડિયામાં સર્પને ખાવાપીવાનું કાંઇ રાખ્યું ન હતું. આ સર્પ ત્યાં ખાવાનું મેળવવા માટે ઉદ્યમ પણ શું કરે ? એ ગારુડિકના ઘરમાં ઘણા ઉંદર હતા. એ સદાના ઉદ્યમના દાસ. કર્મને તો તણખલા જેવું ગણતા. એમાંનો એક મોટેરો ઉંદર તો જન્મથી આળસનો દુશ્મન. હંમેશ ઉદ્યમનો જ પ્રેમી. ગમે તેટલાં વજનથી ઢાંકેલાં ઘી, તેલ, ગોળના ભોજન અને અનાજના વાસણ સ્હેજમાં ઉઘાડી નાંખે. આ કરંડિયો એની નજરે ચઢતાં એને વિચાર આવ્યો. 'આમાંથી સુખડી નીકળે તો મારી ભૂખડી ભાંગે અને મારા જાતિ ભાઇઓને પણ ઉજાણી થાય.'

ઉંદરના અણિયાળા દાંતને આ કરંડિયો તોડતા શી વાર ? ઉદ્યમી ઉંદરભાઇ કરંડિયામાં દાખલ થયા. ભૂખ્યા તરસ્યા સાપભાઇ મોં ફાડીને બેઠા હતા. ઉંદરભાઈ સીધાં જ સાપભાઇના મોંમાં જઇને પડયા. ભાગ્યે સાપનું ભૂખનું દુઃખ દૂર કર્યું. શરીરમાં સ્ફૂર્તિ આવી ઉંદરે પાડેલા કરંડિયાના કાણામાંથી બહાર નીકળી સર્પ જંગલના માર્ગે દોડી ગયો. અને પોતાના વિયોગી સ્વજનોને મળ્યો. આમ ઉદ્યમી ઉંદરનો ઉદ્યમ સાવ એળે ગયો. અને નિરુદ્યમી સર્પ ફાવી ગયો.

કામકળા ! હજી વિચારી જો. કર્મ કરે તે કરવાની તાકાત છે કોઇમાં ?

ઉદ્યમી માણસો વહાણમાં બેસી દરિયાપારની મુસાફરી કરે છે, પણ કર્મ યોગે વહાણો ડૂબી જાય છે અને પ્રાણ પણ ખોવા પડે છે.

ઉદ્યમી ખેડૂત વાવેતર કરે છે, રખેપું કરે છે, છતાં કર્મ યોગે ઊભો પાક સૂકાય છે. તીડ ખાઈ જાય છે. હીમથી બળી જાય છે.

કામકળા : પંડિતજી ! તમે શાના પંડિત ? ખરેખર મને તો તમે મૂર્ખ લાગો છો. કર્મ ગમે તેટલું કઠોર હશે પણ ઉદ્યમ આગળ સાવ નાનું નબળું છે. ઉદ્યમ શાહુકાર છે. કર્મ ચોર છે. ઉદ્યમ રાજા છે, કર્મ રંક છે.

રાજા : 'સૌ સાંભળો,' સભાજનો, મંત્રી અને કામકળા સૌના કાન સરવા થયા.

રાજા : મંત્રીજી ! કર્મ જેવી કોઇ વસ્તુ છે એનો કોઈથી ઇન્કાર થઈ શકે તેમ નથી; પણ એ કર્મ છે તાળા જેવું છે. પુરુષાર્થ એ તાળાને ખોલવાની ચાવી છે.

કર્મ ફળે છે પુરુષાર્થથી, કર્મ ઘડાય છે પુરુષાર્થથી. એકલું કર્મ પાંગળું છે, એકલો પુરુષાર્થ આંધળો છે. ભાગ્ય અને પુરુષાર્થ પક્ષીની બે પાંખ જેવા છે, રથના બે પૈંડા જેવા છે. પ્રત્યેક કાર્યમાં ભાગ્ય અને પુરુષાર્થ મુખ્ય–ગૌણ ભાવે રહેલા છે. રાજાની આ તર્કપૂર્ણ વાણીએ સૌના દિલને સચોટ સમાધાન આપ્યું. કોઇ પણ ઉદ્યમ વખતે કર્મનું ઘડતર થતું હોય છે. એ ભાગ્ય (કર્મ) નબળું હોય તો નજીવા પુરુષાર્થથી કાર્ય સિદ્ધ થાય.

પણ જોજો ધર્મસાધનામાં, આત્મકલ્યાણમાં પુરુષાર્થ મુખ્ય છે, ત્યાં પ્રારબ્ધનું કામ તો માત્ર તમને ધર્મની સામગ્રી મેળવી આપવી એટલું જ.

રાજા પ્રારબ્ધએ અને પુરુષાર્થનો સમન્વય સાધી આપ્યો. સૌને એ વાત ખૂબ ગમી ગઈ. કામકળાને એ વાત જચી ગઇ. શિવશર્માને પણ રૂચિ ગઈ. સભાનું વિસર્જન થયું.

# ❋ વિધિની લીલા ❋

કરસન જન્મથી જ કમનસીબ હતો. એના જન્મ પછી તરત જ એની મા મરી ગઇ. પછી એના બાપે એને ઉછેરીને મોટો કર્યો. એના બાપને ગામમાં તિજોરીઓ બનાવવાનું કારખાનું હતું. અને સારું ચાલતું. કરસન ઉંમરલાયક થઇને બધો કારભાર સંભાળે ત્યાર પહેલાં તો એના બાપે આ સંસારમાંથી વિદાય લીધી. દૂરના એક સગાએ કારખાનું વેચાતું લઇ લીધું અને પૈસા હજમ કરી ગયો. પરિણામે કરસનને જ્યાં ત્યાં મજૂરી કરીને ગુજારો કરવાનો વખત આવ્યો.

કરસન સારો કારીગર હતો. ગમે તેવા તાળાની ચાવી ખોવાઈ ગઇ હોય તો તે ચાવી બનાવી આપે અથવા તિજોરી કુશળતાથી ખોલી આપે. એના આ હસ્તકૌશલ્યનો એણે બીજી રીતે ઉપયોગ કરવા માંડયો.

જિંદગીભર મજૂરી કરવા કરતાં કોઇ શ્રીમંતની તિજોરી તોડી હોય તો ? અંધારામાં પુરાઇ રહેલી લક્ષ્મીને મુકત કરી હોય તો ! ગામના શંભુ શેઠને ત્યાં ભારે કિંમતી તિજોરી હતી, એના કરતાંય એમાં રાખવામાં આવતી ચીજ વસ્તુઓ ખૂબ જ કિંમતી હતી. રોકડ રકમ ઉપરાંત હીરામાણેકનાં ઘરેણાં એમાં રાખવામાં આવતાં હતાં એવી પાકી બાતમી કરસનને શેઠના બંગલાની રખેવાળી કરતા મહમદ મીંયા પાસેથી મળેલી ત્યારથી એણે મનમાં નિર્ણય કરી લીધો હતો.

એક અંધારી રાતે કરસને તક ઝડપી બંગલાની પાછલી બાજુથી આસ્તેથી કળપૂર્વક દરવાજો ખોલી અંદર પ્રવેશ કર્યો. કોઈ જાગતું નહોતું. તિજોરીવાળા ખંડમાં જઇને પોતાની કારીગરી અજમાવી. ક્ષણવારમાં તિજોરી ખોલી અંદરની ચલણીનોટો રહેવા દઈ ઘરેણાંનું પોટલું બાંધ્યું અને બહાર નીકળવાની તૈયારી કરવા લાગ્યો. શેઠના શયનખંડમાં થઇને એનો રસ્તો જતો હતો. એ બારણા પાસે પહોંચ્યો અને પલંગમાં નજર કરીને ચમકયો. શેઠ પલંગમાંથી નીચે ઊંધા પડયા હતા. થોડી વાર એ શાંત ઊભો રહ્યો. ખબર પડી ગઈ હશે ?

જીવતો માણુસ આમ કદી પડયો રહે ? કરસને હિંમત કરી. એ શેઠની નજીક ગયો. ધારીને જોયું તો શેઠ નિશ્ચેષ્ટ પડયા હતા. એણે પોતાના મોજાં પહેરેલા હાથ વડે જોયું તો એમનું હૃદય બંધ હતું. કરસન તરત જ ઓરડા બહાર આવ્યો. ને આવ્યો હતો એ રસ્તે નીકળી ગયો.

આ બધા ઝવેરાતની કિંમત જિંદગી સુધી એને સુખસાહ્યબી આપે એટલી હતી, ચોરી તો કરી પણ પકડાઇ જવાશે તો ? હાથમોજાં પહેરવાથી એના આંગળાની છાપ મળે એમ નહોતું. ઝવેરાત વેચતાં પકડાઇ જવાય તો ? પણ આ દેશમાં જ એ શા માટે વેચવું જોઇએ ?

પરદેશ છટકી જઇ ત્યાં વેચી પછી મોજથી રહેવું શું ખોટું ? આ શેઠના ખૂનનો તો મારા ઉપર આરોપ નહીં આવે ને ? ચોરીનો આરોપ આવે તો જાણે કે ઠીક છે, પણ જે કામ મેં કર્યું જ નથી એની સજા ભોગવવાની આવે તો ? શું કરવું ? એનો વિચાર કરતો અંધકારની ઓથે એ આગળ ચાલ્યો.

તળાવની પાળ ઉપર એક ઊંડો કૂવો હતો. બાજુમાં ઘટાદાર વડનું ઝાડ હતુ. એની વડવાઇઓ જટાધારી સાધુના કેશ માફક ઝૂલતી હતી. કૂવો અવવારુ હતો. એનો ઉપાયેગ મહોરમ વેળા તાજિયા ડૂબાડવામાં થતો. આ સિવાય એનો બીજો ઉપયોગ એણે એકવાર કરેલો. એકવાર બધા મિત્રો ઊંચેથી ભૂસકા મારીને આ કૂવામાં નહાતા હતા. ત્યારે એણે એક મિત્રનો લોટો કૂવાના પાણીમાં એક બખોલમાં સંતાડેલો એ યાદ આવ્યું. પાછળથી એણે લોટો ભંગારમાં વેચી એમાંથી પૈસા પેદા કરેલા એની કોઇને ખબર નહોતી.

કરસન સડસડાટ કૂવામાં ઊતરી ગયો. બખોલમાં પેલું ઝવેરાતનું પોટલું સંતાડી દીધું. થોડા વખત પછી અનુકુળતાએ જોઇ લેવાશે એમ નક્કી કરી એણે સ્ટેશનની વાટ પકડી. રાતના સાડાબાર થઇ ગયા હતા. એણે મુંબઇનો મેઇલ પકડયો અને વડોદરા ઊતરી ગયો. એના ફળદ્રુપ ભેજામાં વિચાર આવ્યો કે અહીં કોઈક નાની ચોરી કરીને પકડાઇ જવું–અત્યારેજ–જેથી પેલા ઝવેરાતની ચોરીના કે શેઠના ખૂનના આરોપમાંથી છટકી જઈ શકાય.

પોલિસ ચોકીની નજીકમાં જ કપડાંનો એક મોટો સ્ટોર હતો. ઉપર રહેણાક હતું. સહેજ અવાજ થતાં કોઇ જાગી જાય તો સપડાઇ જવાય એમ હતું. એણે એક પથ્થર ઊંચકીને કાચનું બારણું તોડી નાખ્યું. છતાં કોઇનો સંચાર સંભળાયો નહીં. અંદર હાથ લંબાવી બારણું ખોલી સ્ટોરમાં પેઠો અને રોકડ રકમ ખીસામાં નાખી બહાર નીકળવાની તૈયારી કરવા લાગ્યો. ત્યાં એ ચમકયો. બે લાલ આંખો એના તરફ તાકી રહી હતી. એણે ધ્યાનથી જોયું. મોટો વિકરાળ કૂતરો એની તરફ આવતો હતો. હવે? કૂતરો ભસે તો સારું થાય. કોઇ આવી ચડે અને પકડાઇ જવાય એટલે યોજના સફળ. પરંતુ કરસન કમનસીબ હતો. કૂતરો ભસ્યો નહીં પણ એની પાસે આવી ઊભો. કરસને બહાર નજર કરી. એણે નિરાંતનો દમ લીધો. રોન મારવા નીકળેલો પોલિસ આવી રહ્યો હતો. સારુ થયું. જે ક્ષણની એ રાહ જોતો હતો એ હવે આવી પહોંચી હોય એમ લાગ્યું. પરંતુ એની કમનસીબી આડે આવી. પોલીસ દંડો પછાડી ખોંખારો ખાઇને આગળ નીકળી ગયો. કરસને નિરાશ થઈ બાજુની દુકાન તોડવાનું નક્કી કર્યું અને સ્ટોર બહાર પગ મૂકયો ત્યાં પેલો કૂતરો એના પર તૂટી પડયો. એનાં કપડાં ઉપરાંત એના પગ પણ કરડી ખાધા. ભારે ઘોંઘાટને લીધે લોકો ઊંઘમાંથી જાગી ગયા. પોલીસે આવી કરસનને પકડયો તેથી એને નિરાત થઇ. લૉકપમાં પૂરાયો, તહોમત મૂકાયું. કેસ ચાલ્યો અને બે વર્ષની સજા થઇ. યોજનાનો પૂર્વાર્ધ સફળતાપૂર્વક પાર પડયાનો કરસનને સંતોષ હતો.

સારી વર્તણુંક બદલ એ થોડો વહેલો છૂટયો ત્યારે પોતે ઓળખાઇ ન જાય એ માટે દાઢી અને વાળ વધારવા માંડયા હતા. કોઇ હવે એને ઓળખી શકે એમ નહોતું. જેલમુકત થયા પછી એ પેલા સ્ટોર પાસે ચક્કર લગાવતો હતો ત્યારે પેલા હુમલાખોર કૂતરાએ એની હાજરીની કશીજ નોંધ ન લીધી. ગંધ પારખુ કૂતરો એને નથી ઓળખતો? એણે કફનીધારી સાધુનો વેશ લીધો.

રાતની ગાડી પકડી કરસન પોતાને ગામ નવસારી આવ્યો. અંધકારનો આશ્રય લઇ એ તળાવની પાળે આવેલા પેલા કૂવામાંથી ઝવેરાતનું પોટલું લઇ આવવા નીકળ્યો. કઠોર જિંદગીની વિષમ યાતનાનો થોડા દિવસમાં જ અંત આવશે એના સ્વપ્નોમાં રાચતો કરસન તારાના ટમટમતા પ્રકાશમાં દાઢી પર હાથ પસરાવતો આગળ વધ્યો. તળાવની પાળનું ઊંચું ચઢાણ એણે ચઢવા માંડયું. મંઝિલ નજીક આવતી જતી હતી. પેલો દેખાય તે વડ! એની લાંબી વડવાઇઓ! તમરાના સમૂહનું સંગીત સંભળાવા સાથે એમાં ઘૂવડનો અવાજ ભળ્યો ઘૂ....ઘૂ....ઘૂ....

કરસન એકાએક થંભી ગયો. એની આંખો વિસ્ફરિત બની. આ શું? એ પોતાની આંખ પર વિશ્વાસ મૂકી શકે એમ નહોતો. શંભુ શેઠની વિશાળ કાયા પોતાની માલિકીની ઝવેરાતની થાપણ પર પોતાના પગ દઢપણે મૂકીને ઊભા હતા? સત્ય કે સ્વપ્ન? કરસને આંખો ચોળી, ખરેખર એ શંભુ શેઠ જ હતા! જીવંત નહીં પરંતુ એમના મૃત્યુ બાદ કૃતજ્ઞી ગામ લોકોએ એમની આરસની પ્રતિમા તૈયાર કરાવી અવવારુ કૂવામાં સીમેન્ટ કૉન્ક્રીટ ધરબી એની પીઠિકા ઉપર પ્રસ્થાપિત કરી હતી.

## હૃદયમંથન

તમારું સ્વપ્ન, માત્ર તમારું જ સ્વપ્ન સેવી રહ્યું છે.

માટે જ તો કહું છું: તમે વાડ અને દિવાલ ન બાંધશો. તમે વાડ બાંધો છો ત્યારે સત્ય બહાર રહી જાય છે ને ભ્રમણા તમારી સાથે થઇ જાય છે. ને તમારા સંગાથી કોણ છે એ જોવા તમારી આસપાસ તમે નજર કરો છો ત્યારે સત્ય અને જીવનને બદલે તમને મૃત્યુ દેખાય છે. ભ્રમણાનું જ બીજું નામ મૃત્યુ.

*　　*　　*

અનહિત આદિશબ્દ દરિયો છે. તમે એમાંથી ઊગેલું વાદળ છો. એ વાદળ તરીકે વિલાયા વિના સાચાં દરિયાદર્શન તમને શેં થાય?

ખોવાઈ જવાનોય એક આનંદ છે.

*　　*　　*

માટે જ તો તમને વારંવાર કહું છું કે આ સમજણ માટે પ્રાર્થના કરો. એકવાર તમારા અંતરમાં એ રહસ્ય પ્રગટે પછી તમારા પ્રત્યેક હુંકારના રણકારા સાથે ઇશ્વરના સર્વ ઐશ્વર્યો રણકી ઊઠશે ને પછી જ જીવન પોતાની અસીમ અંતર ભોમકાના પ્રવેશદ્વારની પ્રેમચાવી તમને આપશે.

આ વાણી સમજવી મુશ્કેલ લાગે છે? આ શબ્દો કઠોર છે? વાસ્તવમાં તમારા કાન કઠોર છે. માટે જ મારી વાણી તમે નથી સમજી શકતા.

મનોરંજ આટલો જ છે. સાંભળવા છતાં જે ન સાંભળે, જોવા છતાં જે ન જુએ. એમને શું કહેવાનું?

—:૦:—

## ગાગરમાં સાગર

"વત્સ! તારી સેવાથી ખુશ થયો છું. તું માગે તે તને આપું. બોલ, શું જોઇએ છે તારે? લાંબા સમયથી પોતાની સેવા કરી રહેલા શિષ્યને ગુરુએ પૂછયું. શિષ્યે જવાબ આપ્યો:

"ગુરુદેવ, હું ગરીબ છું. મારે તો પારસમણિ જોઇએ છે."

"તારા ઉપર સંતુષ્ટ છું. તને એ પણ મળશે. લે આ લોખંડની દાબડી. એમાં પારસ છે; ઘેર જઇને જે લોખંડને સ્પર્શ કરાવીશ તેનું સોનું બની જશે"–કહીને ગુરુદેવે દાબડી કાઢી.

"ગુરુદેવ! અવિનય માફ કરજો. પણ આ દાબડીમાં સાચો પારસ હોય તો એ પોતે જ સોનાની કેમ ન થઇ ગઇ?"

શિષ્યે શંકા રજુ કરી.

"રે શંકાના પૂતળા! પારસ ચીંથરે બાંધેલો છે એને દાબડીનો સ્પર્શ નથી થયો એટલું જ" કહીને એમણે દાબડી ઉઘાડી, ચીંથરું છોડયું, ને પારસ દાબડીને સ્પર્શતાં જ એ સોનાની થઇ ગઇ!

માનવીના અંતરમાં પણ એક અજબ આત્મપારસ પડેલો છે. પણ એની આસપાસ અવિદ્યા અને અજ્ઞાનનાં ચિંથરાં વિંટળાયેલાં છે. જ્યાં સુધી એ ચિંથરાં હોય ત્યાં લગી જીવનની કાયા કંચનની થાય જ નહીં.

આપણો અંતરસ્થિત આત્મા અને આપણી વચ્ચે આવાં તો અનેક ચિંથરાં પડેલાં છે. પછી આપણને સુવર્ણજ્ઞાન લાધે શી રીતે? એ ચિંથરાં દૂર કરવાં એ જ છે પરમ પ્રકાશનો માર્ગ. સુવર્ણસિદ્ધિની એ જ છે સનાતન કેડી. એ મારગ આપણ સહુને મળો!

# સમાચાર સાર

બિહાર માનવ રાહતના કાર્યકરોની એક સભા કોટ શાન્તિનાથના ઉપાશ્રયે પૂ. ગુરુદેવશ્રી ચિત્રભાનુ મહારાજની નિશ્રામાં ૯-૧-૬૭ રોજ મળી હતી. શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ, શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, શ્રી જે. આર. શાહ તથા સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના કાર્યકર ડૉ. જટુભાઇ દોશી, કનુભાઈ ગાંધી, જયન્તિલાલ માલધારી, કાન્તિલાલ ઉજમશી આદિ કાર્યકરોએ જુદા જુદા દૃષ્ટિબિન્દુથી વિશદ વિચારણા કરી અન્નવસ્ત્રની વ્હેંચણી કરવાનો નિર્ણય લીધો અને ઠરાવ્યું કે દુષ્કાળગ્રસ્ત વિભાગમાં કાર્યકરોએ પોતે જ શીઘ્ર જઇ અન્નક્ષેત્ર અને વસ્ત્રદાન પ્રારંભ કરવો.

## અખિલ ભારતીય વિદ્વદ સંમેલન

મુંબઈના ભારતીય વિદ્યાભવનના ઇતિહાસમાં અજોડ ગણાય તેવું, રાષ્ટ્રભરના અનેક વિષયોના નિષ્ણાત વિદ્વાનોનું તા. ૩૦-૧૨-'૬૬ થી તા. ૨-૧-૬૭ ના ત્રણ દિવસ દરમ્યાન એક સંમેલન (Colloquium)નું આયોજન કરવામાં આવેલું. એ પ્રસંગે દરેક વિષયોના નિષ્ણાતોને જે વિષય ઉપર પ્રવચન કરવાનું હોય તે વિષય ઉપર પહેલેથી નિબંધ મોકલવાની વિનંતી કરવામાં આવેલી. આ સંમેલનમાં દેશભરમાંથી અનેક નિષ્ણાતોએ નિબંધો મોકલેલા. અને ૧૫૦ જેટલા વિદ્વાનો સંમેલનમાં હાજર રહેલા. એ હાજર રહેલામાં હિંદુ, મુસ્લીમ, પારસી ક્રિશ્ચિયન સાયન્ટીસ્ટો, હાઇ કોર્ટના જજો વિદ્વાન સન્યાસીઓ અને સમર્થ સ્ત્રીઓનો પણ સમાવેશ થતો હતો. આ પ્રસંગે પૂજ્ય મુનિવર્ય શ્રી ચિત્રભાનુ મહારાજશ્રીને પણ તેમનો નિબંધ મોકલી પ્રત્યક્ષ પ્રવચન કરવા પધારવાનું આમંત્રણ મળેલું. તેથી તેઓશ્રીએ તેમાં ભાગ લઇને 'મનુષ્ય જીવનના ઉત્થાન' એ વિષય ઉપર એક ચિન્તનપૂર્ણ સુંદર અને સચોટ પ્રવચન આપેલું. આવા પ્રકારનું સંમેલન ભારતના ઇતિહાસમાં પહેલી જ વાર મળેલું અને ચહા, નાસ્તો કે ભોજનના વિરામ સિવાય વહેલી સવારથી તે રાત્રિ સુધી એકધારું ચાલેલું. અનેક વિષયોના નિષ્ણાતો પોતાના વિચારો છટાદાર વાણી દ્વારા સચોટ રીતે વ્યકત કરતા હતા. ત્યારે તેમના વ્યક્તિત્વ ઉપર પ્રેક્ષકો આફ્રીન થઈ જતા હતા. આ સંમેલનમાં પ્રેક્ષક તરીકે હાજર રહેવા માટે રૂા. ૨૫) ની ફી રાખવામાં આવી હતી. આવા પ્રકારની ફીથી ગેરલાભ એ થાય કે ઘણાય રસ ધરાવનારાઓ આવા સુંદર સંમેલનના લાભથી વંચિત રહે. અને લાભ એ હતો કે જેમને સાંભળવું અને સમજવું હોય તે જ લાભ લે, કે જેથી ખોટો ઘોંઘાટ ન વધે અને શાંતિભર્યા વાતાવરણમાં પ્રવચનો અને સંવાદો થાય. આવાં પ્રવચનો અને સંવાદો સાંભળવા એ જીવનનો એક અપૂર્વ લહાવો હતો.

## અહિંસાનો વિજય

આપને વિદિત તો હશે જ કે પરમ પૂજ્ય મુનિરાજ શ્રી ચિત્રભાનુ મહારાજશ્રીના અથાગ પ્રયત્ને, જેમ પચાસ લાખની પચરંગી પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવતી મુંબઇની કોર્પોરેશને વર્ષના આઠ અગત્યના પવિત્ર દિવસોએ કતલખાના બંધ રાખી રોજનાં હજારો મૂંગાં જાનવરોને અભયદાન આપવાનો ઠરાવ કરી એક પ્રારંભિક પગલું ભર્યું છે. તે પૂજ્યશ્રીની પ્રેરણા મેળવી બીજાં અનેક શહેરોએ પણ મોટા ભાગે વધુ દિવસો ઉમેરીને કતલખાના બંધ રખાવી અભયદાનની પ્રવૃત્તિને વેગ આપ્યાના પ્રેરણાત્મક સમાચારો પ્રગટ થતા રહ્યા છે.

તાજેતરમાં જ રાધનપુરના સેવાભાવી વખારિયા કુટુંબના સુપુત્ર મુંબઇમા વસતા ભાઇશ્રી જયંતીલાલ નાથાલાલ વગેરેના પ્રયત્ને ત્યાંની નગર પંચાયતે આગળ વધીને નિચેનાં ૧૯ દિવસે

કતલખાનાં બંધ રાખવાનો ઠરાવ કર્યો છે. એ દિવસો આ રહ્યા!

(૧) દેવ દિવાળી (૨) મહાશિવરાત્રી (૩) મકર સંક્રાન્તી (૪) રામ નવમી (૫) મહાવીર જયંતી (૬) બુદ્ધ જયંતી (૭) જન્માષ્ટમી (૮) પર્યુષણનો પહેલો દિવસ (૯) જૈનોની સંવત્સરી (૧૦) ઋષિ પંચમી (૧૧) બળેવ (૧૨) ગાંધી જયંતી (૧૩) વિજયા દશમી (૧૪) દિવાળી (૧૫) નૂતન વર્ષ (૧૬) ગણેશ ચતુર્થી (૧૭) ધૂળેટી (૧૮) દેવપોઢી અગિયારસ (૧૯) દેવઉઠી અગિયારસ

આમ વર્ષના ૧૯ પવિત્ર દિવસો દરમ્યાન કતલખાનાં બંધ રખાવવાનો ઠરાવ કરાવવામાં મહેનત કરનાર ભાઈઓ તથા રાધનપુર નગર પંચાયતના માનનીય સભ્યો જેમણે આ ઠરાવ પસાર કરાવવામાં સહાય આપી છે તેઓ સૌ ધન્યવાદને પાત્ર છે. આપણે આશા રાખીએ કે હજુ વધુ ને વધુ શહેરોની નગર પાલિકાઓ તથા ગ્રામ પંચાયતો અભયદાનની પુનિત પ્રવૃત્તિમાં સહભાગી થવા પ્રયત્ન કરે. અહિંસાનો પ્રચાર કરવાનો અત્યારે ઉત્તમ અવસર છે. નિરર્થક ટીકાઓ કરવા કરતાં સક્રિય પ્રવૃત્તિ કરી. જેમ બને તેમ વધુ અને વધુ દિવસો કતલખાનાં બંધ કરાવી વધતી જતી હિંસાને અટકાવવા સૌએ તન, મન અને ધનથી અત્યારે વ્યાપક પ્રચાર અને પ્રયત્ન કરવાનો છે.

---

બીજા આનંદના સમાચાર એ છે કે ગુજરાતનાં ૨૪૨ ગામના વાઘરી જ્ઞાતિબંધુઓનું તા. ૪-૧૦-૬૬ ના રોજ રાધનપુરમાં શ્રી શંભુ મહારાજ, તથા સાધુ આનદાસ ગુરુ મંગળદાસના સાનિધ્યમાં એક જાહેર સંમેલન ભરવામાં આવેલું, જેમાં પાંચ ઠરાવો થયા, તેમાં આ ત્રણ મુખ્ય ઠરાવો છે.

૧. કોઈએ દારૂ, ઈંડા, માંસ, મદિરા કે બીજા માદક પીણાનું સેવન કરવું નહીં.

૨. કોઈપણ પ્રાણીમાત્રની જીવહિંસા કરવી નહીં. માંછલાં મારવા નહીં, પશુ-પંખી, બકરાં જેવા પ્રાણીઓની કતલ કરવી નહીં.

૩. કોઈપણ જાનવરને, ગાય વાછરડા કે બીજા પશુઓ કતલખાને જાય તેવી રીતે આપવા નહીં અને અપાવવા નહીં.

કેવી આશ્ચર્યજનક ઘટના! હાલમાં જ્યારે આપણા આજના અનેક ભણેલા-ગણેલા અને સુધારક કહેવાતા કે મનાતા યુવકો ઉપરની બધીય બાબતોમાં ઉલટું વર્તે છે, અગર ઉદાસીન રહે છે, જ્યારે ૨૪૨ ગામોની વાઘરી જ્ઞાતિમાં આવા અનુમોદનીય અને પ્રેરણાત્મક ઠરાવો પસાર થાય છે! ખરેજ, ઉચ્ચ ગણાતી કોમો અને જ્ઞાતિઓનો સમાજ ફેશનના નામે દુઃખદાયક પીછેહઠ કરી રહ્યો છે ત્યારે આવી પછાત ગણાતી વાઘરી કોમમાં આવા સરસ સુધારા થાય છે. આ કાર્યમાં પણ સહાયક થનાર પંચાયતના પ્રમુખ શ્રી હિંમતલાલ મુલાણી તથા અમારા કાર્યકર શ્રી જયંતીલાલ વખારીયા ધન્યવાદને પાત્ર છે.

— :—

---

## સંમિલન

સર્વોદય નેતા શ્રી જયપ્રકાશ નારાયણ પૂ. શ્રી ચિત્રભાનુજીના દર્શનાર્થે તા. ૨૭-૧-૬૭ ના રાત્રે આઠ વાગે કોટના ઉપાશ્રયે પધાર્યા હતા અને એક કલાક સુધી સેવા અને માનવ રાહત અંગે ચર્ચા વિચારણા કરી હતી. આ સમયે શ્રી વ્રજલાલ કે. મહેતા. પ્રવીણચન્દ્ર દેસાઈ, શ્રી જે. આર. શાહ. તથા શ્રી પ્રભાકર બળવંતરાય મહેતાએ પણ સંવાદમાં ભાગ લીધો હતો.

---

**આરબ્ધ અને પુરુષાર્થના**

લેખક : મુનિરાજશ્રી મિત્રાનન્દ વિજયજી મ.

**સાચા કેટલા ?**

દુનિયામાં ધર્મની છાપ મેળવનારા તો ઘણા; પણ ખરેખરું ધર્મિષ્ઠ જીવન જીવનારા કેટલા ? આકાશમાં તારા તો ઘણાય છે, પણ ધ્રુવતારક કેટલા ?


## સમારંભો માટે સૌને મૂંઝવતા સવાલનો

# ઉકેલ

સરકારી કાયદાની મર્યાદામાં રહીને મહેમાનોનું સ્વાગત કરો !

* જૈન સિદ્ધાંત મુજબ * શુદ્ધ અને પથ્ય

## ડ્રાય એન્ડ ફ્રેશ ફ્રુટસ મીકસ

નવીન પધ્ધતિથી બનાવેલી

# ચાકીની કુલ્ફી

રાઉન્ડ બારમાં * ૩½" ડાયામીટર * બે કીલો વજન જેના

૩૫ આખા રાઉન્ડ પીસ થઇ શકે છે.

* દરેક જાતની વેરાઈટીઝ *

# 卐 જૈન આઇસ્ક્રીમ 卐

૫૦, બઝારગેટ સ્ટ્રીટ, કોટ મુંબઇ-૧. C/o. ફોન-૨૬૩૫૧૦

આપના સર્વિંગ કોન્ટ્રાકટર પાસે "જૈન આઇસ્ક્રીમ"ની કુલ્ફીનો જ આગ્રહ રાખો, કુલ્ફી હંમેશા વજનમાં જ માગો. ઓર્ડર આપતાં પહેલાં અમને ફોન કરી અમારા પ્રતિનિધિને બોલાવો જેથી અપ ટુ ડેટ સર્વિસ અને બીજા લાભો મળશે.

## સંયમની શીતળતા

વૈશાખની બપોર હતી. સૂર્યનો તાપ ધરતી પર અંગારા વર્ષાવી રહ્યો હતો. પશુપંખીઓ વૃક્ષોની સોડમાં લપાઈને બેઠાં હતાં. તન અને મનને અકળાવી મૂકે એવો તાપ માનવ અંગને હિમશિલા પિગળે તેમ પિગાળી રહ્યો હતો, ગરમ લૂના ઝાપટા ફૂવારાની પેઠે વાય રહ્યા હતા. એવે સમે આત્મસંયમના ઉત્તુંગ શિખર પરથી સૌમ્ય શીતળતા વરસાવી ધરતીને તૃપ્ત કરતો એક નાનકડો પ્રસંગ માનવ મહિમાનું મંગળ ગીત ગાતો ધરતીના એક ખૂણે ભજવાઇ ગયો.

એક માનવી ક્રોધાગ્નિથી ઉદ્દીપ્ત બની ગ્રીસના મહાપુરુષ શ્રી પેરિકિલસ સમક્ષ આવીને ઊભો રહ્યો.

પેરિકિલસ એ વેળા પોતાના આંગણામાં એક ચટ્ટાઈ પર બેસી શાંતચિત્તે અધ્યયન કરી રહ્યા હતા. પેરિકિલસના સ્વાગત શબ્દોની દરકાર કર્યા વિના પેલા માનવીએ દરવાજામાં પ્રવેશતાં જ ગલીચ ગાળો અને અસહ્ય આક્ષેપોનો ધોધ વરસાવવો શરૂ કર્યો.

પેરિકિલસે ધીમેથી પોતાનું પુસ્તક બંધ કર્યું, અને આવેલ માનવ પ્રતિ સૌમ્યભાવે નિરખવા માંડયું.

પેલો માનવી વણથંભ્યે સતત આવેગ અને ઉશ્કેરાટનાં પુર ઠાલવ્યે જ જતો હતો. બે ત્રણ કલાકના અંતરે સતત ઘાટો પાડી બરાડવાથી પેલાના કંઠમાં સોસ પડયો, એનો અવાજ ખરડાયો, છતાંયે તેનો ક્રોધ લગીર ઓછો થયો નહોતો.

પેરિકિલસ આ જોઈ ધીમેથી ઊભા થયા અને નમ્ર સ્વરે બોલ્યા માફ કરજો; આપ મારે આંગણે આવ્યા તોયે હું પાણી આપવાનો વિવેક ચૂકયો છું, એટલું બોલી પાણીનો એક પ્યાલો પેલા ભાઇ સામે લાવી ધર્યો.

પેલા ભાઇએ પાણી પીને પણ ગાળો વરસાવવાનું ચાલું જ રાખ્યું. પેરિકિલસ પણ કોઇ મુલાકાતીની વાત સાંભળતા હોય તેમ પ્રશાંત વદને તેની સામે જોઇ જ રહ્યા.

સાંજ પડી, અંધારુ થયું; અને પેલા ભાઇ પણ ગાળો આપીને થાકયા. એનો ક્રોધાવેગ ઓસર્યો અને તેણે પોતાના ઘર તરફ જવા પીઠ ફેરવી.

પેરિકિલસે આ જોઇને પોતાના પત્નીને નમ્ર સ્વરે કહ્યું. 'દેવી! અંધારુ થયું છે. મહેમાનને દીવો લઈ ઘર સુધી મૂકી આવો.'

પતિની આજ્ઞા થતાં પેરિકિલસના સુશીલ પત્ની કશો પણ શબ્દોચ્ચાર કર્યા વિના પેલા ભાઇની પાછળ દીપક લઇ ચાલતાં થયાં.

પેરિકિલસ દંપત્તિની પ્રશાંત શીતળતા નિહાળી આકાશનો ચંદ્ર પણ પોતાની શીતળતાથી લજવાતો ગગનની અટારીમાં અદ્રશ્ય થયો.

આત્મસંયમની ઉત્તમતા સાબીત કરવા આથી વિશેષ કયો પ્રસંગ હોઈ શકે?

---

## પ્રેમ અને મોહ......!!

મચ્છી અને મેઢક બન્ને જળચર જીવો. જળમાં જન્મે, જળમાં જીવે અને જળમાંથી જ પોશાણ મેળવે, બન્ને એકજ પ્રકૃતિના સંતાનો; તોય બન્નેમાં અંતર જમીન-આસમાનનું.

મચ્છી જળ સૂકાઈ જતાં જળના વિયોગમા તરફડી મરણ પામે. અને મેઢક જળ સુકાય તોયે કાદવમાં પણ રમણ કરે, ક્રીડા કરે અને કાદવથી પણ સંતોષ માને.

પ્રેમ અને મોહમાં આટલો જ તફાવત છે.

—સિન્ધુનાં બિન્દુ

મુદ્રક, પ્રકાશન અને સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, મહેશચંદ્ર પ્રિન્ટર્સ મુંબઇ નં. ૨ માં છપાવી, ડીવાઇન નૉલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, મુંબઈ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.